ફોન : (૦૨૬૯૨) ૨૨૬૮૦૮,૨૨૬૮૮૫,૨૨૬૮૦૨
ફેક્સ : (૦૨૬૯૨) ૨૩૦૩૦૯

# સરદાર પટેલ યુનિવર્સિટી

પો. બો. નં. ૧૦
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦ (ગુજરાત)

પરીક્ષા વિભાગ

## પરિપત્ર
## અગત્યનો

આથી સંબંધકર્તા સર્વે ડિપાર્ટમેન્ટના વડાશ્રીઓ / યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ / ઈન્સ્ટીટ્યુશનનાં નિયામકશ્રીઓને જણાવવાનું કે તારીખ : ૨૨/૦૨/૨૦૧૬ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ બાબત ક્રમાંક ૧૭.૩ ના ઠરાવ મુજબ **"પરીક્ષા શુધ્ધ સમિતિની ભલામણો સંદર્ભે સજા પામનાર વિદ્યાર્થીઓના હિતમાં જે સેમેસ્ટરના વિષયમાં તેઓને સજા થયેલ હોય તે સિવાયના અન્ય સેમેસ્ટરના વિષયોમાં એ.ટી.કે.ટી (A.T.K.T) કે નોટ ક્લિયર (Not Clear) હોય તો તેવા વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે પરવાનગી આપવી"**

સદર બાબતનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૨૦૧૭થી કરવાનો હોવાથી તથા સદર નોંધ મુજબ અગાઉની તમામ પરીક્ષા શુધ્ધિ સમિતિમાં સજા પામનાર તમામ વિદ્યાર્થીઓ માટે કરવાનો હોવાથી આપના ડિપાર્ટમેન્ટના / યુનિવર્સિટી સંલગ્ન કોલેજના / ઈન્સ્ટીટ્યુશનનાં સંબંધકર્તા તમામ વિદ્યાર્થીઓને જાણ કરી આગામી લેવાનાર તમામ સેમેસ્ટરની પરીક્ષા માટે ઉપરોક્ત બાબતે નોંધ લઈ આગળની ઘટતી કાર્યવાહી સત્વરે હાથ ધરવા જણાવવામાં આવે છે.

નંબર/ઈ/૩/૧૦૩૫
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૧૦/૦૬/૨૦૧૬

નાયબ કુલસચિવ